RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 338* Date: 28.09.2023,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઈરાકમાં લગ્નની પાર્ટીમાં ભીષણ આગ ફાટી નીકળી : ૧૦૦થી વધુ લોકોના મોત



ઉત્તરી ઈરાકના નવાહ પ્રાંતના અલ-હમદાનિયા જિલ્લામાં મંગળવારે એક લગ્નમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૦૦ લોકો માર્યા ગયા અને ૧૫૦ અન્ય ઘાયલ થયા. નેવેહ પ્રાંત મોસુલની બહાર, રાજધાની બગદાદથી લગભગ ૩૩૫ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આગમાં દાઝી જવાથી મૃત્યુ પામનારાઓમાં વરરાજા અને દુલ્હન પણ સામેલ હોવાનું કહેવાય છે. જો કે, આગ લાગવાનું કારણ શું હતું તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ફટાકડા સળગવાને કારણે આગ લાગી હતી.

ઉત્તરી ઈરાકમાં એક હૃદયસ્પર્શી ઘટના બની છે. લગ્ન દરમિયાન એક હોલમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ દુખદ ઘટનામાં ઓછામાં ઓછા ૧૦૦ લોકોના મોત થયા છે. ૧૫૦ થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક હજુ વધી શકે છે. અધિકારીઓએ જણાવ્યું કે આગ ઈરાકના નેવેહ પ્રાંતના હમદાનિયા વિસ્તારમાં લાગી હતી. મોસુલ શહેરની બહાર આ એક મુખ્યત્વે ખ્રિસ્તી વિસ્તાર છે. તે બગદાદથી લગભગ ૩૩૫ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે.

નેવેહ પ્રાંતીય ગવર્નર નજીમ અલ-જુબૌરીએ જણાવ્યું હતું કે કેટલાક ઘાયલોને પ્રાદેશિક હોસ્પિટલોમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે આગમાં મૃત્યુઆંક હજુ વધી શકે છે. આગના કારણ વિશે હાલમાં કોઈ પુષ્ટિ થયેલ માહિતી નથી. જો કે, પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે આગ સ્થળ પર મૂકવામાં આવેલા ફટાકડાના કારણે લાગી હોઈ શકે છે. સુરક્ષા અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે મેરેજ હોલનો બહારનો ભાગ અત્યંત જવલનશીલ આવરણથી શણગારવામાં આવ્યો હતો. ઈરાક સિવિલ ડિફેન્સ ડિરેક્ટોરેટના એક અધિકારીએ જણાવ્યું હતું કે અત્યંત જવલનશીલ, ઓછી કિંમતની બાંધકામ સામગ્રીને લગતી આગને કારણે હોલના કેટલાક ભાગો થોડી મિનિટોમાં તૂટી પડ્યા હતા. ઘટનાસ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બિલ્ડિંગમાં આગ સ્થાનિક સમય અનુસાર લગભગ ૧૦:૪૫ વાગ્યે લાગી હતી. તે સમયે સેંકડો લોકો લગ્નમંડપમાં લગ્નની ઉજવણી કરી રહ્યા હતા. સત્તાવાર નિવેદનો અનુસાર, ઈરાકી સત્તાવાળાઓ દ્વારા એમ્બ્યુલન્સ અને તબીબી ટીમોને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક હજુ વધી શકે છે.

## આખું નાગપુર પાણીથી ભરેલું છે અને મુખ્યમંત્રી ગણેશ ચતુર્થીની ઉજવણી કરી રહ્યા છે : સંજય રાઉત



ગુજરાતમાં ગયેલું રોકાણ પાછું લાવો. જ્યારે એકનાથ શિંદેના યુરોપ પ્રવાસને મુલતવી રાખવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે રાઉતે કહ્યું કે મુખ્યમંત્રી શિવસેના (યુબીટી), આદિત્ય ઠાકરે અને મહારાષ્ટ્રના લોકોથી ડરે છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'જ્યારે મહારાષ્ટ્ર મુશ્કેલીમાં હોય ત્યારે મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસનો કોઈ અર્થ નથી. જ્યાં એક તરફ મહારાષ્ટ્રના લોકો દુ:ખ અને વેદનામાં જીવી રહ્યા છે તો બીજી તરફ મુખ્યમંત્રી ગણેશ ચતુર્થીનો તહેવાર મોટી હસ્તીઓ સાથે ઉજવી રહ્યા છે.

શિવસેનાના નેતાએ મહારાષ્ટ્રમાં તરસ્યા ખેડૂતોના મુદ્દાને ઉકેલવામાં વિલંબની પણ ટીકા કરી છે. તેમણે કહ્યું, 'જ્યારે સમસ્યા મહારાષ્ટ્રમાં છે તો પીયૂષ ગોયલ ખેડૂતોને દિલ્હી કેમ બોલાવી રહ્યા છે. તેમણે મહારાષ્ટ્રના ખેડૂતો માટે શું કર્યું? સુનીતા પવાર બારાબંકીથી ચૂંટણી લડવાની અફવા પર શિવસેનાએ કહ્યું કે આવી અફવાઓ ફેલાવવાનું બંધ કરો. તે ક્યારેય થવાનું નથી. અમે પવાર પરિવાર અને બારાબંકીની રાજનીતિ સારી રીતે સમજીએ છીએ.

### 'સ્વચ્છતા એજ સેવા' ગામમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર કરાયો છે સંપૂર્ણ પ્રતિબંધ

## ગાંધીનગર જિલ્લાના વાસણા ચૌધરી ગામે 'સ્વચ્છતા હી સેવા'નું સૂત્ર કર્યું ચરિતાર્થ










દેશમાં 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયુ ઉજવાઈ રહ્યું છે ત્યારે ગાંધીનગર જિલ્લાનું વાસણા ચૌધરી ગામ સ્વચ્છતાના સિપાહીઓ માટે પ્રેરણારૂપ બન્યું છે. ગાંધીનગરના દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામમાં લોકો વ્યક્તિગત રીતે સ્વચ્છતાના આગ્રહી છે. સ્વચ્છતા માટે ગ્રામ પંચાયત અને ગામના સક્રિય યુવા સરપંચ શ્રી ઈશ્વરભાઈ પટેલે ગામ લોકોને સાથે લઈને સ્વચ્છતા માટે પ્રેરણા પૂરી પાડી છે. ૭૦૦ જેટલા ઘર ધરાવતા વાસણા ચૌધરી ગામમાં ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ૨૯૭૮ જેટલી વસતી હોવા છતાં ગામ લોકોના સહિયારા પ્રયાસથી ગામને નિર્મળ બનાવાયું છે. સ્વચ્છતાને કારણે વાસણા ચૌધરી ગામનો વિકાસ ઉડીને આંખે વળગે એવો છે. આ ગામની વિશેષતા એ છે કે, ગ્રામ પંચાયત દ્વારા વેરો ભરનાર દરેક ગ્રામજનોને બે કચરાપેટી નિશુલ્ક અપાય છે. ગામમાં લોકો ઘરે ઘરે કચરાપેટીનો ઉપયોગ કરીને ભીનો અને સૂકો કચરો અલગ અલગ ભેગો કરે છે. આ ઉપરાંત જાહેર જગ્યાઓ તેમજ માર્ગો પર મોટી કચરાપેટીઓ મૂકવામાં છે. ભેગા થયેલા કચરાને પંચાયત દ્વારા ઈ – રિક્ષા મારફતે રોજ એકત્રિત કરવામાં આવે છે. આ ઘન કચરાના નિકાલ માટે ગામમાં એક જગ્યાએ સેગ્રીગેશન શેડ બનાવવામાં આવ્યો છે. જ્યાં ઘન કચરાને છૂટો પાડી તેનો યોગ્ય નિકાલ કરાય છે. આ માટે વાસણા ચૌધરી ગ્રામપંચાયતે ખાનગી કંપની સાથે એમઓયુ કર્યા છે. કચરાનો યોગ્ય નિકાલ થવાથી ગામમાં કયાં સ્વચ્છતા બની રહે છે. આ ઉપરાંત પંચાયત દ્વારા દરેક લોકોના ઘરે કેન્દ્ર સરકારની 'હર ઘર શૌચાલય' યોજના અંતર્ગત શૌચાલય બનાવડાવીને ગામને ખુલ્લામાં શૌચ મુકત બનાવવામાં આવ્યું છે.

**ગામમાં ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરવા માટે પંચાયત દ્વારા મૂકવામાં આવી છે ઇ-રિક્ષા, પંચાયત દ્વારા ઘરે ઘરે બે કચરાપેટી પણ આપવામાં આવી છે નિ:શુલ્ક**

**ઇ-રિક્ષા દ્વારા એકત્રિત કરાયેલા કચરાને સેગ્રીગેશન શેડમાં એકઠો કરીને ભીનો અને સૂકો કચરો અલગ કરીને કચરાનો કરાય છે યોગ્ય નિકાલ**

**ગામમાં ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ગંદા પાણીને શુદ્ધ કર્યા બાદ જ તળાવમાં છોડવામાં આવે છે**

ગામમાં ગટર અને વરસાદી પાણીના નિકાલ માટે સુચારું ગટર વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે. ગામના ગટરના પાણીને શુદ્ધ કરવા માટે ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાંખવામાં આવ્યો છે. જેમાં ગટરના પાણીને તળાવમાં છોડતા પહેલા ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધ કર્યા બાદ તળાવમાં છોડવામાં આવે છે જેથી કરીને દૂષિત પાણીજન્ય રોગો થતાં તો અટકે છે પણ તળાવનું પાણી પણ શુદ્ધ રહે છે અને તેના પાણીને ઉપયોગમાં લઈ શકાય છે. ગામમાં દરેક ઘરે નળ કનેક્શન કરી વડાપ્રધાનશ્રીના ''નલ સે જલ"ના વિચારને ૧૦૦% પરિપૂર્ણ કરવામાં આવ્યો છે. ગામના જાહેર માર્ગો અને ખુલ્લી જગ્યાને સમતલ વ્યવસ્થિત કરી પેવર બ્લોક નાખવાની કામગીરી કરવામાં આવી છે. જેથી રોડ રસ્તા દરેક જગ્યા સાફ સુથરી રહે છે. ગામના ફળિયાઓમાં આરસીસી રોડ બનાવી મુખ્ય માર્ગ સાથે જોડવામાં આવ્યા. ગ્રામ પંચાયત હસ્તકના એક મકાનમાં ગામલોકોના સહયોગથી પુસ્તકાલય અને વાંચનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે જ્યાં ગામના અભ્યાસ કરતાં યુવાઓ, વડીલો અને ગૃહિણીઓ આરામથી વાંચી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગ્રામ પંચાયતના મકાનને સમારકામ કરી પંચાયતના કર્મચારીઓ અને ગામલોકોને અનુકૂળ બનાવવામાં આવી છે તેમજ પંચાયતની છત પર સોલરગ્રીડ લગાવવામાં આવી છે. પંચાયત દ્વારા ખુલ્લી કરાયેલ જગ્યા પર પવિત્ર ઉપવન બનાવવામાં આવ્યું છે. આ ઉપવન એક ઉદ્યાનની જેમ તૈયાર કરાયું છે. જ્યાં બાળકો આનંદ પ્રમોદ કરી શકે તે માટે રમતગમતના સાધનો લગાવવામાં આવ્યા છે. ઉપવનમાં બેસવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ગામમાં વૃક્ષારોપણ ઝુંબેશ ચલાવીને વનવિભાગના સહયોગથી મિયાવાંકી વન બનાવવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત હસ્તકની ખુલ્લી જગ્યામાં તાર વડે ફેન્સીંગ કરી આઉટડોર રમત માટેનું સરદાર પટેલ સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે સાથે સાથે પંચાયતના એક મકાનમાં ઈનડોર રમત માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રમતમાટેના મેદાન આ મેદાન સ્પોર્ટ્સમાં રસ ધરાવનાર બાળકો અને યુવાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. ગામમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે ઉપરાંત દરેક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ નાંખવામાં આવી છે.

ગામના યુવા સરપંચ ઈશ્વરભાઈ પટેલે પોતાના ગામમાં સ્વચ્છતા બાબતે વિશેષ ધ્યાન રાખ્યું છે. આ વિશે જણાવતા તેઓ કહે છે કે 'સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ફેઝ- ૨ અંતર્ગત ગામમાં ૧૦૦ ટકા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા છે. જાહેર સ્થળોએ પણ સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યા છે. ગામમાં નિયમિત સફાઈ કરવામાં આવે છે. વધુમાં તેઓ જણાવે છે કે કચરાના નિકાલ માટે સેગ્રીગ્રેશન શેડ તેમજ ગંદા પાણીને શુદ્ધ કરવા ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાંખવામાં આવ્યો છે. ગામમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.'

વાસણા ચૌધરી ગામના તલાટી કમ મંત્રી શ્રી ડી. કે. સોલંકી ગ્રામ પંચાયત દ્વાર સ્વચ્છતા જાગૃતિ માટે કરાયેલા પ્રયાસો અંગે જણાવતા કહે છે કે લોકોને સ્વચ્છતા જાગૃતિ માટે ગામના જાહેર સ્થળોની દીવાલો પર સૂત્રો લખવામાં આવ્યા છે તેમજ ભીંતચિત્રો દોરવામાં આવ્યા છે. વધુમાં તેઓ જણાવે છે કે સ્વચ્છતા માટે ધાર્મિ સંસ્થાઓને સાથે રાખીને લોકોમાં વ્યક્તિગત જાગૃતિ માટેના પ્રયાસો હાથ ધરાયા છે. આ ઉપરાંત ગામના વિવિધ વિસ્તારમાં રાત્રિ સભાઓ કરીને પણ જાગૃતિ લાવવામાં આવી છે. વાસણા ચૌધરી ગામના રહીશ અશોક પટેલ સ્વચ્છતા માટે પંચાયત દ્વારા થઈ કાર્યોની સરાહના કરતાં જણાવે છે કે પંચાયત દ્વારા ઘરે ઘરે કચરાપેટી આપવામાં આવેલી છે. ગ્રામજનોની જાગૃતિના કારણે ગામના જાહેર ચોકમાં જે લોકો કચરો નાખતા હતા તેની જગ્યાએ હવે કચરાપેટીમાં નાંખતા થયા છે. વધુમાં તેઓ જણાવે છેકે ગામના ચોક અને રસ્તાઓની નિયમિત સફાઈ કરવામાં આવે છે.

તંત્રી લેખ......

# આતંક સામે લડાઈ

જયારે નવી દિલ્હીમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત બે દિવસની ઈન્ટરનેશનલ લોયર્સ કોન્ફરન્સ થઈ રહી હતી, ત્યારે જ આતંકવાદનો સામનો કરવાની રીતને લઈને કેનેડા અને ભારત આમને-સામને આવીગ યા હતા. એવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એ સૂચનનું મહત્ત્વ વિશેષ રૂપે વધી ગયું કે ઈન્ટરનેશનલ લોયર્સ કોન્ફરન્સે વૈશ્વિક સ્તર પર સહિયારું લીગલ ફ્રેમવર્ક તૈયાર કરવાની દિશામાં આગળ વધવું જોઇએ. પીએમ મોદીએ સાઈબર આતંકવાદ, મની લોન્ડરિંગ, એઆઇ અને તેના દુરુપયોગ જેવા કેટલાય મુદ્દે તેનો ઉલ્લેખ કર્યો, પરંતુ અન્ય સંદર્ભોમાં પણ તે એટલું જ મહત્ત્વપૂર્ણ છે. તાજું ઉદાહરણ કેનેડા પ્રસંગનું જ લઈ શકાય છે, જેને તમામ સંબંધિત પક્ષોએ મહત્ત્વપૂર્ણ માન્યો છે અને પોતપોતાના વલણ પર પૂરતી ગંભીરતાથી અડગ છે. જોકે કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપ એ દૃષ્ટિએ નિરાધાર અને વાહિયાત છેકે ખુદ તેમને રિપોર્ટ કરનારી તપાસ એજન્સીઓએ પણ હજુ પોતાનું કામ પૂરું નથી કર્યું, તે તપાસ કરી જ રહી છે. દેશની સંસદમાં સાર્વજનિક રીતે આરોપ લગાવ્યા બાદ પણ હજુ સુધી કેનેડા સરકારે પોતાના પીએમ ટ્રુડોના આરોપોની પુષ્ટિ કરતો કોઈ પુરાવો રજૂ નથી કર્યો. જોકે આ બધાને કિનારે કરતાં થોડી વાર માટે સાચા-ખોટાના સવાલથી ઉપર ઊઠીને જોવામાં આવે તો આ પ્રકરણથી આંતરરાષ્ટ્રીય મહત્ત્વનો સવાલ એ પેદા થાય છે કે એક દેશની એક્તા અને ક્ષેત્રીય અખંડતા સાથે જોડાયેલ મુદ્દાને જો બીજો દેશ વૈચારિક અભિવ્યક્તિની આઝાદીના ચશ્માંથી જોઈ રહ્યો હોય તો બંનેના દૃષ્ટિકોણમાં એકરૂપતા લાવવાની રીત શી હોઈ શકે?

## પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદારના ગુજરાતના પ્રવાસ આવેલા

# પ્રધાનમંત્રીના ઠાલા વચનો અને સત્યથી વેગળી વાતો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને સાંસદશ્રી શક્તિસિહ ગોહિલ

પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદારના ગુજરાતના પ્રવાસ આવેલા પ્રધાનમંત્રીના ઠાલા વચનો અને સત્યથી વેગળી વાતો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને સાંસદશ્રી શક્તિસિહ ગોહિલજીએ જણાવ્યું કે પૂજ્ય મહાત્મા ગાંધીજીની ગુજરાતની ધરતી પર વડાપ્રધાનશ્રી પાસે સત્યની આશા-અપેક્ષા હતી. શ્રી વડાપ્રધાનશ્રીએ ગુજરાતની વાત કરવાને બદલે માત્ર રાજકીય અવલોકન કર્યા. રાજ્ય સરકાર વાઈબ્રન્ટ સરકારમા થયેલા કાગળ પરના એમઓયુને બદલે સાચું મૂડી રોકાણ અંગે શ્વેતપત્ર બહાર પાડે. રાજ્યમાં લાખો લોકોને રોજગાર મળવાના દાવા કર્યા હતા પરતું કેટલા લોકોને રોજગાર મળ્યો તે ભાજપ સરકાર જાહેર કરે. બધુ પોતે કર્યાનો દાવો કરતી ભાજપએ ઈતિહાસ ભૂલવો ન જોઈએ. જયારે ગુજરાતમાં કોગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાત કોઇ પણ વાઈબ્રન્ટ વિના મૂડીરોકાણ માટે નંબર ૧ હતું. એશિયાની સૌથી મોટી બે રીફાઈનરી ગુજરાતમાં કોંગ્રેસ સરકારમાં સ્થપાઈ. પંચમહાલમાં જનરલ મોટર્સ ઓટોમોબાઈલ કંપની કોંગ્રેસના શાસનમાં સ્થપાઇ હતી. આજે દિલ્હીમાં તમારી સરકાર છે રોડા નાખનાર કોઈ નથી ત્યારે ગુજરાત રોકાણમાં ક્યાં નંબરે છે? ગુજરાતમાં કોઇ રોકાણ કરવા આવે તો તેને કેન્દ્ર સરકાર ધમકાવતી તે આક્ષેપ સંપુર્ણ પાયાવિહોણા-ખોટો આક્ષેપો વડાપ્રધાનશ્રીએ કર્યા છે. જો તેમની પાસે આધારપુરાવા, કોઈ માહીતી હોય તો તે જણાવે અથવા કાંગ્રેસના નેતા સામે કેસ કરે, વિપક્ષના નેતાઓ, અડવાણીજી અને અરૂણ જેટલીજી સહિતના વિપક્ષના નેતાઓએ ક્યારેય પણ આ અંગે ગૃહમાં-સંસદમાં કઈ પણ કહ્યુ નથી.



ભાજપ શાસનમાં વારંવાર પેપરલિક થાય અને વડાપ્રધાશ્રી અન્ય રાજયમાં પેપરલીકની વાતો કરે છે. મધ્યપ્રદેશમાં દેશનું સૌથી મોટું ભરતી કૌભાંડ 'વ્યાપમ' કૌભાંડ થયું છે અને આખા દેશમાં સૌથી વધુ ૨૪ વાર ગુજરાતમાં પેપર લિક થયા. ચંપાવતે તો ભાજપના નેતાના મંત્રીનું પણ નામ આપ્યું હતું ત્યારે અત્યારસુધી કેમ કોઈ ચમરબંધી પકડાયું નથી ? ગુજરાતમાં 'વ્યાપક' ભરતી કૌભાંડ થાય ત્યારે બીજા પર પથ્થર ફેંકતાં પહેલાં એમને પોતાની સ્થિતિ જોવી જોઈએ. ગુજરાતમાં પેપરલીક માં ભાજપ નેતાઓ જ હોય છે એ સાબિત થયું, પેપરલીક અંગે વડાપ્રધાનશ્રીએ ગુજરાત અને મધ્યપ્રદેશમાં પેપર માફિયાઓ સામે કડક કાર્યવાહી થાય તેમ કહેવું જોઈએ. ગુજરાતની અસ્મિતાને શર્મસાર કરતું ગોધરાકાંડ અંગે તત્કાલીન વડાપ્રધાનશ્રી તત્કાલીન મુખ્યમંત્રીશ્રીને ઠપકો આપતા રાજધર્મ નિભાવવા કહ્યું હતું. આ બધુ ગુજરાતમાં જ બન્યુ હતું, ગુજરાતની જનતા બધુ જાણે છે ત્યારે વડાપ્રધાનશ્રી પાસે તેમની જન્મ દિવસના ઉજવણીના ભાગરૂપે છોડવામાં આવેલ ૧૮ લાખ ક્યુસેક પાણીને કારણે નર્મદા, ભરૂચ, વડોદરા સહિતના કાઠા વિસ્તારમાં માનવસર્જીત આપદા અંગે, ખેડુતો-નાગરિકોને થયેલા પારાવાર મુશ્કેલીઓ અંગે વાત કરશે તેવી અપેક્ષા હતી. પરંતુ વડાપ્રધાનશ્રીએ માત્રને માત્ર રાજકીય અવલોકનો કર્યો પણ તે પુર અંગે એક શબ્દ ન બોલ્યા, ભાજપ સરકારે જાહેર કરેલા મશ્કરીરૂપ સહાય પેકેજ અંગે એક હરફ પણ ન ઉચ્ચાર્યું. વડાપ્રધાનશ્રી પાસેથી આશા હતી કે પુર ની હોનારતની તપાસ માટે સુપ્રીમ કે હાઈકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં તપાસ પંચ રચના કરાય પરંતુ વડાપ્રધાનશ્રીએ આવી કોઇ જ જાહેરાત ન કરી, ગુજરાતના પ્રવાસમાં આટલો સમય આપ્યો છે તો નર્મદા અને ભરૂચના પુરગ્રસ્ત ખેડૂતો, નાગરિકોને મળે, વડાપ્રધાનશ્રી જન્મ દિવસ માટે ડેમ ભરી એક સાથે લાખો ક્યુસેક પાણી છોડનાર સરકારને ફટકાર લગાવે, જેને જેટલુ નુકસાન થયુ છે તેટલી સહાયની જાહેરાત કરે તેવી અપેક્ષા હતી પરંતુ આ પ્રકારનું વડાપ્રધાનશ્રીએ કશું જ પણ કર્યું નહીં, માત્ર ઠાલા વચનો અને સત્યથી વેગળી વાતો કરી રાજકીય અવલોકન કર્યા જે દુર્ભાગ્યપૂર્ણ છે.



**અકિલા પરિવાર ના જલારામ બાપા ભક્ત લઘુબંધુ રાજુભાઈ ગુણવંતરાય ગણાત્રા નું અવસાન થયું છે. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક,જન ફરિયાદ દેશ વિદેશ પરિવાર હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ પાઠવે છે.**

**.તંત્રી : પ્રદીપ રાવલ.ગાંધીનગર**

# ગીતામૃતમ્..શ્રીમદ ભગવદ ગીતાના પંદરમા અધ્યાયનો સાર

શ્રીમદ ભગવદ ગીતાના પંદરમા અધ્યાયનો સાર એ છે કે આ સંસારનો મૂળ આધાર અને અત્યંત શ્રેષ્ઠ પરમ પુરૂષ એક પરમાત્મા જ છે..એવું માનીને અનન્યભાવથી તેમનું ભજન કરવું જોઇએ.પંદરમા અધ્યાયમાં જીવ-જગત અને જગદીશનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.જીવ પરમાત્માનો અંશ હોવાથી ગુણાતીત હોવાછતાં પણ અનાદિ અજ્ઞાનના કારણે ગુણોના પ્રભાવથી પ્રભાવિત થઇને ગુણોના કાર્યભૂત શરીરમાં તાદાત્મય,મમતા અને કામના કરીને આબદ્ધ થયો છે.શરૂઆતના પાંચ શ્લોકના પ્રકરણમાં ભગવાન સંસારવૃક્ષનું વર્ણન કરીને તેનું છેદન કરવાની આજ્ઞા આપે છે.

જે મહાપુરૂષો આદિપુરૂષ પરમાત્માને શરણે થઇને પરમપદને પ્રાપ્ત થાય છે તેમનાં લક્ષણો બતાવતાં ભગવાને કહ્યું છે કે જેમનાં માન અને મોહ નષ્ટ થઇ ચુક્યાં છે,જેમને આસક્તિરૂપ દોષોને જીતી લીધાં છે,છે,જેમની પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે,જેમની સંપૂર્ણ કામનાઓ નાશ પામી ચુકી છે, સુખ-દુઃખરૂપી દ્વન્દ્વોથી મુક્ત થાય છે તેવા મોહરહિત સાધક ભક્તો તે અવિનાશી પરમપદ (પરમાત્મા) ને પ્રાપ્ત થાય છે.તે પરમપદને સૂર્ય-ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરી શકતાં નથી.આ પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી એ મારૂં પરમધામ છે.આ સંસારમાં જીવ બનેલો આત્મા મારો જ સનાતન અંશ છે અને તે પ્રકૃતિમાં રહેલી મનસહિતની પાંચેય ઈન્દ્રિયોને આકર્ષિત કરે છે.

વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને લઇ જાય છે એ જ રીતે દેહનો સ્વામી બનેલો જીવાત્મા પણ જે શરીરને છોડે છે ત્યાંથી આ મન સહિત ઈન્દ્રિયોને લઇને પછી જે શરીરને પામે છે એમાં ચાલ્યો જાય છે.આ જીવાત્મા મનનો આશ્રય લઇને જ શ્રોત્ર-ચક્ષુ અને ત્વચા-રસના અને ઘ્રાણ આ પાંચેય ઈન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરે છે.શરીર છોડીને જતા અથવા વિષયોને ભોગવી રહેલા પણ ત્રણેય ગુણોથી યુક્ત જીવાત્માના સ્વરૂપને અજ્ઞાનીજનો જાણતા નથી ફક્ત જ્ઞાની મનુષ્યો જ જાણે છે.યત્ન કરનારા યોગીજનો પોતાના હૃદયમાં સ્થિત પરમાત્માતત્વનો અનુભવ કરે છે પરંતુ જેમને પોતાનું અંતઃકરણ શુદ્ધ કર્યું નથી એવા અજ્ઞાનીજનો યત્ન કરતા રહેવા છતાં પણ આ તત્વનો અનુભવ કરી શકતા નથી.સૂર્યનું જે તેજ આખા જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમા અને અગ્નિમાં છે એને તમે મારૂં જ તેજ જાણો.ભગવાન કહે છે કે હું જ તમામ પ્રાણીઓના હૃદયમાં સ્થિત છું અને મારાથી જ સ્મૃતિ-જ્ઞાન અને સંશય વગેરે દોષોનો નાશ થાય છે.બધા વેદો વડે હું જ જાણવા યોગ્ય છું.વેદોના તત્વનો નિર્ણય કરવાવાળો અને વેદોને જાણનાર પણ હું જ છું.આ સંસારમાં ક્ષર અને અક્ષર બે પ્રકારના પુરૂષો છે.તમામ પ્રાણીઓના શરીરો ક્ષર અને જીવાત્મા અક્ષર(અવિનાશી) કહેવાય છે.ઉત્તમ પુરૂષ તો અન્ય છે,જે પરમાત્મા એવા નામથી કહેવાયા છે તે જ અવિનાશી ઈશ્વર ત્રણેય લોકોમાં પ્રવેશીને બધાનું ભરણપોષણ કરે છે.હું ક્ષરથી અતિત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું માટે લોકમાં તેમજ વેદોમાં પણ પુરૂષોત્તમ નામે પ્રસિદ્ધ છું. જે મોહરહિત મનુષ્ય મને પુરૂષોત્તમ સ્વરૂપે જાણે છે તે સર્વજ્ઞ સર્વ રીતે મારૂં જ ભજન કરે છે.આ ઘણું જ ગોપનીય શાસ્ત્ર જે ભગવાને કહ્યું તે જાણીને મનુષ્ય જ્ઞાની તથા કૃતકૃત્ય થઇ જાય છે.

પંદરમા અધ્યાયના અઢારમા શ્લોકમાં ભગવાને પોતાને અપરા(ક્ષર) થી અતિત અને પરા(અક્ષર) થી ઉત્તમ બતાવ્યા છે.આનો અર્થ એ છે કે જ્યાંસુધી સાધક અપરા(સંસાર) અને પરા(પોતે)-બંન્નેની સ્વતંત્ર સત્તા માને છે ત્યાં સુધી ભગવાન અપરાથી અતિત અને પરાથી ઉત્તમ છે પરંતુ જયારે તેની માન્યતામાં અપરા અને પરાની સ્વતંત્ર સત્તા રહેતી નથી ત્યારે પરા-અપરા અને ભગવાન ત્રણે એક થઇ જાય છે-વાસુદેવઃ સર્વમ્..

પંદરમા અધ્યાયના મધ્યમાં અક્ષર(જીવાત્મા)ના વર્ણનનું તાત્પર્ય એ છે કે જીવની એક બાજુ ક્ષર (સંસાર) છે અને એક તરફ પુરૂષોત્તમ(પરમાત્મા) છે.જીવનો સબંધ પરમાત્મા સાથે છે..મમૈવાંશો જીવલોકે.. કેમકે જેમ પરમાત્મા ચેનત-અવિનાશી અને અપરીવર્તનશીલ છે એ જ પ્રમાણે જીવ પણ ચેનત-અવિનાશી અને અપરીવર્તનશીલ છે.શરીરનો સબંધ સંસાર સાથે છે કેમકે જેમ સંસાર જડ-નાશવાન અને પરીવર્તનશીલ છે એ જ પ્રમાણે શરીર પણ જડ-નાશવાન અને પરીવર્તનશીલ છે.જીવને પરમાત્માથી ક્યારેય જુદો કરી શકાતો નથી અને શરીરને સંસારથી ક્યારેય જુદું કરી શકાતું નથી.પરમાત્મા તેને કહે છે જે હમણાં છે, બધામાં હોય, બધાનો હોય, સર્વ સમર્થ હોય, પરમ દયાળુ હોય અને અદ્વિતિય હોય. અત્યારે જ ઉપલબ્ધ હોવાના લીધે તેમની પ્રાપ્તિ માટે ભવિષ્યની આશા રાખવી પડતી નથી. બધામાં હોવાથી તે આપણામાં પણ છે તેથી તેમને શોધવા માટે ક્યાંય જવું પડતું નથી. બધાનો હોવાથી તે આપણા પણ છે તેથી તેમનામાં આપમેળે પ્રેમ થશે.સર્વસમર્થ હોવાથી આપણે ભયભીત થવાની જરૂર નથી.પરમ દયાળુ હોવાથી આપણે નિરાશ નહી થવું પડે.અદ્વિતિય હોવાથી આપણને તેમને ઓળખવાની,તેમનું વર્ણન કરવાની જરૂરત નહી રહે.

પરમાત્માની પ્રાપ્તિ ન થવાનું કારણ એ છે કે આપણે તેમની સત્તા મહત્તા(મહિમા) સ્વીકારતા નથી અને તેમને પોતાના માનતા નથી.પરમાત્મા યજ્ઞ દાન તપ તીર્થ વ્રત વગેરે મોટા મોટા પુણ્ય કાર્યો કરવાથી મળતા નથી પરંતુ ભગવાનને પોતાના માનવાથી મળે છે.જીવ ભગવાનનો અંશ છે તેમાં બીજા કોઇનું મિશ્રણ નથી તેથી સિદ્ધ થાય છે કે માત્ર ભગવાનનો જ અંશ હોવાથી આપણો સબંધ ફક્ત ભગવાન સાથે જ છે.



આલેખનઃ
કુમારી નિતૂં સૈની

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૧૭ અને ચાંદીમાં રૂ.૪૪૭ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૯૯ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૯૬,૫૮૪ સોદાઓમાં કુલ રૂ.૨૯,૫૮૮.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૬૧૬.૨૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૯૯૫૯.૫૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૫,૫૦૪ સોદાઓમાં રૂ.૭,૪૦૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૪૫૦ અને નીચામાં રૂ.૫૮,૦૬૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧૭ ઘટી રૂ.૫૮,૧૧૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬૧ ઘટી રૂ.૪૮,૦૧૩ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૩ ઘટી રૂ.૫,૮૫૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૦ ઘટી રૂ.૫૮,૧૪૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૫૧૫ અને નીચામાં રૂ.૭૧,૦૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪૭ ઘટી રૂ.૭૧,૩૩૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૩૮ ઘટી રૂ.૭૧,૪૧૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૪૨ ઘટી રૂ.૭૧,૪૨૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૧૯૩ સોદાઓમાં રૂ.,૮૧૫.૮૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ સપ્ટેમ્બર વાયદો રૂ.૭૦૬.૯૫ના ભાવે ખૂલી, રૂ.૦.૭૦ વધી રૂ.૭૦૬.૪૦ જયારે એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨૦૫.૩૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૯૦ના ભાવ થયા હતા. જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧ ઘટી રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ વધી રૂ.૨૦૮.૨૦ સીસુ-મિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૧૫ વધી રૂ.૧૯૪.૯૦ જસત-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૨૦.૯૫ બોલાઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૩,૦૮૭ સોદાઓમાં રૂ.૧,૩૮૩.૦૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૫૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૬૬૫ અને નીચામાં રૂ.૭,૫૬૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૯ વધી રૂ.૭,૬૪૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૭,૬૩૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪૦ના ભાવે ખૂલી, રૂ.૫.૨૦ વધી રૂ.૨૪૨.૩૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૪.૯ વધી ૨૪૨.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૪.૭૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૯૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૦૦૦ અને નીચામાં રૂ.૬૦,૯૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬૦ વધી રૂ.૬૦,૯૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૯૦ ઘટી રૂ.૯૧૫.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૭૧૯.૫૩ કરોડનાં ૮,૦૬૯.૫૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૮૩.૧૩ કરોડનાં ૩૭૫.૫૧૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૮૧.૬૫ કરોડનાં ૭,૬૪,૪૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૦૧.૪૦ કરોડનાં ૩,૨૭,૩૬,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૦.૧૮ કરોડનાં ૫,૮૫૨ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૦.૯૭ કરોડનાં ૧,૬૫૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૧૦.૨૧ કરોડનાં ૫,૭૭૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૫૪.૪૭ કરોડનાં ૧૧,૪૬૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૬૩ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૨.૧૨ કરોડનાં ૧૩૦.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૯૬.૭૯૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૫૬.૧૪૨ ટન, તાંબાના વાયદાઓમાં ૨૩,૨૭૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૭૯૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૫૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૫૨૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૧૯,૨૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૯૭,૫૫,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૦૮૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૪૧.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૧૬ કરોડનાં ૧૫૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૪૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૬૨૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૬૨૩ અને નીચામાં ૧૫,૫૬૫ બોલાઈ, ૫૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૯ પોઈન્ટ ઘટી ૧૫,૫૭૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૯૯૫૯.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨૩.૯૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૪.૫૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૫૭૪.૫૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭૬૦.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૫૬.૩૯ કરોડનું થયું હતું.

# ભગવાન મહાવીરનો ૨૫૫૦મો ઉદ્ધાર ઉત્સવ આંતરરાષ્ટ્રીય સ્તરે "વિશ્વ સૌમ્ય વર્ષ" તરીકે ઉજવવામાં આવશે - આચાર્ય લોકેશજી



**અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, ''પીસ હાર્મની ટૂર''ના ભાગરૂપે અમેરિકાની શાંતિ અને સંવાદિતાની યાત્રા શરૂ કરી છે. આચાર્યશ્રી વોશિંગ્ટન ડીસીમાં આયોજિત "વર્લ્ડ એમિટી યર" સાથે જોડાણમાં આર્ટ ઓફ લિવિંગના વર્લ્ડ કલ્ચરલ ફેસ્ટિવલમાં પણ ભાગ લેશે.**

**અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીએ આજે નવી દિલ્હીથી અમેરિકાની યાત્રા શરૂ કરી, ''પીસ હાર્મન અમેરિકા અને કેનેડાના પીસ એન્ડ હાર્મની ટૂર પર જતા પહેલા મંગલ ભાવના કાર્યક્રમને સંબોધતા જૈન આચાર્ય લોકેશજીએ જાહેરાત કરી કે ભગવાન મહાવીરનો ૨૫૫૦મો મોક્ષ ઉત્સવ આંતરરાષ્ટ્રીય સ્તરે "વિશ્વ મિત્રતા વર્ષ" તરીકે ઉજવવામાં આવશે. અહિંસા વિશ્વ ભારતી સંસ્થા વિશ્વના વિવિધ દેશોમાં તેનું આયોજન કરવા જઈ રહી છે, જેની શરૂઆત અમેરિકા, કેનેડા, બ્રિટન અને યુએઈની એસેમ્બલીથી થશે.આચાર્યશ્રી વોશિંગ્ટન ડીસીમાં આયોજિત "વર્લ્ડ એમિટી યર" સાથે જોડાણમાં આર્ટ ઓફ લિવિંગના વર્લ્ડ કલ્ચરલ ફેસ્ટિવલમાં પણ ભાગ લેશે.**

**ઉલ્લેખનીય છે કે ભગવાન મહાવીરના ૨૫૫૦મા મુક્તિ મહોત્સવની ઉજવણી માટે ''વિશ્વ સૌમ્ય વર્ષ''નો ઉદ્ઘાટન સમારોહ સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં કેપિટલ હિલ, વોશિંગ્ટન, યુએસએમાં પૂજ્ય આચાર્ય લોકેશજીની પવિત્ર ઉપસ્થિતિમાં યોજાશે. આચાર્યશ્રી અહીં આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા આયોજિત વર્લ્ડ કલ્ચર ફેસ્ટિવલમાં પણ ભાગ લેશે. શાંતિ અને સંવાદિતા પ્રવાસના પ્રવક્તા પ્રકાશ નાગરે જણાવ્યું હતું કે ટોરોન્ટો અને ગ્રેટર બ્રિટિશ કોલંબિયામાં ઓકટોબરમાં આ ઐતિહાસિક વર્ષની શ્રેણીમાં, પ્રથમ સપ્તાહમાં પૂજ્ય આચાર્ય લોકેશજીની પવિત્ર ઉપસ્થિતિમાં ભગવાન મહાવીરના ૨૫૫૦મા મુક્તિ પર્વની ઉજવણી માટે "વર્લ્ડ એમિટી યર" નો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. આ ઐતિહાસિક વર્ષની શ્રેણીમાં, ભગવાન મહાવીરના ૨૫૫૦મા મુક્તિ પર્વની યાદમાં ''વિશ્વ સૌમ્ય વર્ષ''નો ઉદ્ઘાટન સમારોહ નવેમ્બર મહિનામાં લંડનની સંસદમાં પૂજ્ય આચાર્ય લોકેશજીની પવિત્ર ઉપસ્થિતિમાં યોજાશે.**

## તારા સામે

------------------------------

એક મૌન ખુલ્યું તારા સામે,
શબ્દમાં ઢળ્યું તારા સામે..

રંગ હતો જે શ્વેત,
અનેક રંગોમાં ભળ્યું તારા સામે..

વાદળ ઉતર્યા ધરતી પર,
મેઘધનુષ મોસમનું બન્યું તારા સામે..

આરપાર દિશાની હું,
કે દિશા મારામાં ફરે?
અનોખો અનુભવ હું પોતે તારા સામે..

ઘર લાગે છે ઉજાસે ખીલતું, રાતે ખીલતું,
નળિયા પણ બોલે તારા સામે..

ગલી ગલી ઉપવન, ડાળી ડાળી લીલપ તારા સામે..

ગાયો હરખાતી, પંખી કલરવ ધુન, ફૂલ ફૂલમાં તારા ગીત,
તું મનોહર સઘળું મનોહર તારા સામે..

એક મન ખુલ્યું તારા સામે,
શબ્દમાં ઢળ્યું તારા સામે..

?? કિરણ ચોનકર
"દિવાની"..ધરમપુર

## ★માણસ★

માણસ માણસને સમજી શકે એ માણસ,
દુ:ખમાં સહારો, આશ્વાન બે બોલ કહી શકે એ માણસ..

જીવવા પૂરતું બધા જીવે આમ તો,
સહુના માટે થાય અર્પણ એ માણસ..

માટી થી ઘડાયેલો માટીનું રાખે માન એ માણસ,
પગલાં માંડે ધરતી પર ને એક એક પગલે જીવ જંતુ સહિત
સર્જે લાગણી.. એ માણસ..

સુણીને આતમસાદ,
માનવતા નિભાવે એ માણસ..

દુભાવી હ્રદય કંઈ ન મળે,
જાત સાથે વ્યાખ્યા રહે યાદ એ માણસ..

ઘરના અટવાયા, ડગર વિસરાયા,
ભૂલ્યા વિના ધામ 'હરિ' નું સોંપે સ્વને એ માણસ..

હા 'કિરણ' જગમાં આવી લાગેલી મોહમાયા ત્યજી,
એક જ દ્રષ્ટિ રાખી જૂએ સઘળું પ્રેમે એ માણસ..

પથ્થર, માટી, સાગર, નદી, ઝરણાં, શૈલ માળા, ઉપવન,
સુંગધ, દુર્ગંધ, મોસમ, સંગીત, પ્રકૃતિ ધુન વાંસળી ,
તો મનમંદિર વસે ભગવાન.. એ માણસ..
(પ્રભુ અપકારની ડાયરી માંથી)

?? કિરણ ચોનકર , "દિવાની"...ધરમપુર

## પુસ્તક પરિચય

### શ્રી હેમચંદ્રાચાર્ય
### ગૌર્જર અપભ્રંશ : લોકસાહિત્ય
### સંપાદક - (ડો.) કે, કા, શાસ્ત્રી




ડૉ.કે.કા. શાસ્ત્રીએ પ્રાચીન ભારતીય શાસન-તંત્ર, સારસ્વત પ્રવાસ, નભોવાણી, ઈતિહાસની આરસી, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી, ગૌર્જર અપભ્રંશ : લોકસાહિત્ય, ગીતા-શતશ્લોકી, ષોડશ ગ્રંથો આપ્યાં છે. ડૉ. કષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ પ્રકાશન: ૧૯ મા પુસ્તકરૂપે (સ્વલ્પ રસાસ્વાદ) ગૌર્જર અપભ્રંશ: લોક્સાહિત્ય પુસ્તકના પ્રકાશક ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ, અમદાવાદ -૩૮૦૦૧૫, એમ-૮૨/૩૮૫, સરસ્વતીનગર, આઝાદ સોસાયટી પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫. જેની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૨૦૦૪ અને કિમત રૂ, ૧૦-૦૦ છે. આ પુસ્તકને સંપાદક ભારતમાર્તંડ, મહામહિમોપાધ્યાય, ભારત-ભારતીરત્ન, બ્રહ્મર્ષિ, અધ્યા. (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રી (બાંભણિયા) પ્રભાસરત્ન, વિદ્યાભૂષણ, વિદ્યાવાચસ્પતિ, ડી. લિટ્ કરેલ છે.

પ્રકાશકીય પ્રો., ડૉ. કૃષ્ણકાંત ઓ, કડકિયા કહે છે ‘‘આમાં આરંભના નમૂના તરીકે કવિ કાલિદાસનાં સુપ્રસિદ્ધ ત્રણ સંસ્કૃત નાટકોમાંના ‘વિક્રમોર્વશીય’(સટ્ટક)ના ૪ થા અંકમાં સંસ્કૃત શ્લોકો ઉપરાંત નાટકના નાયક ચંદ્રવંશી રાજા પુરૂરવાનો એની પત્ની ઉર્વશી અપ્સરાના વિરહમાં જે વિલાપ અપભ્રંશ ભાષામાં પ્રાપ્ત થાય છે તેમાંથી પણ થોડા નમૂના ગુજરાતી અનુવાદ સાથે ‘મત્તપ્રલાપ’ શીર્ષકથી પણ આપવામાં આવ્યા છે. આ વિરહીગાન પણ આ પુસ્તકને રસમય બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.’’સંપાદક કેશવરામ કા. શાસ્ત્રી બે બોલમાં કહે છે કે, ‘‘આ. હેમચંદ્રે સંકલિત કરેલા દોહાઓના આરંભે ‘મત્તપ્રલાપ’ મથાળે મહાકવિ કાલિદાસના ’વિક્રમોર્વશીય (સટ્ટક)’ના ૪ થા અંકમાં પુરૂરવાના મુખમાં વિરહીગાનમાં મુકાયેલાં ‘અપભ્રંશ’નાં પદ્યોમાંથી તારવેલાં થોડાં પદ્યો આપવામાં આવ્યાં છે’’ જે પણ આનંદ આપશે. ટ્રસ્ટે આ પ્રસિદ્ધ કરી આભારી કર્યો છે.

પુસ્તકમાં અનુક્રમ, પ્રકાશકીય પાન નં. ૩, સંપાદકના બે બોલ પાન નં. ૪, મત્ત પ્રલાપ પાન નં. ૭થી ૯ માં ૧૨દુહા , લોકસાહિત્યના દુહા પાન નં. ૧૦ થી ૨૩ જેમાં ૯૪ દુહા, પરિશિષ્ટ ૨૪ થી ૨૮ માં ૩૩ દુહા, મળી રહે છે. તો અંતે આપણને અકારાદિ-વર્ણસૂચિ પાન નં.૨૯ થી ૩૧ પર મળે છે. અંતે ડૉ. કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટમાં પ્રકાશનોની યાદી છે.

ખુબ જ પ્રખ્યાત એવા દુહા જોઈએ-

‘‘હે બહેન ! ભલું થયું (કે) મારો સ્વામી (યુદ્ધમાં) મરાયો. જો ભાગી છૂટેલો એ ઘેર આવ્યો હોત તો સખીઓ સમક્ષ હું લજ્જા પામી હોત.’ ૧૪ (પતિના આવવાનું શુકન આપતા) કાગડાને (પતિ ક્યાં આવવાનો છે એમ માની) ઉડાડી મૂકતી નાયિકાએ એકાએક પ્રિયને દીઠો, ત્યાં (મૂળે પ્રિયવિરહે દૂબળી પડી ગયેલી તેથી હાથમાંથી) અડધાં બલોયાં બહાર નીકળી ગયાં, (ત્યાં પ્રિયને જોયો તેથી આનંદાયક થતાં) અડધાં બલોયાં તડાક દઈ તૂટી ગયાં.)" ૧૫આવાં અનેક લોકસાહિત્યના દુહા આપણને ગમી જાય તેવાં ગુજરાતી અનુવાદ સાથે મુકેલ છે.

ભારતી વાઘેલા

## સુજ્ઞ કલાકારો અને કસબીઓ

જય ગણેશ

આપ જાણો છો કે આપણા સૌના સહિયારા પ્રયાસથી આપણે ‘કલાગણેશ‘ ઉત્સવનું ૯ મુ વર્ષ સફળતા પુર્વક સંપન્ન કરવા આગળ વધી રહ્યા છીએ..

આગામી તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ સાંજે પાંચ વાગે આપણે દાદા ને વાજતે ગાજતે વિદાય આપીશું..

વિસર્જન બાદ પરત આવીને બરોબર ૮ થી ૯:૩૦ સુધી ટાઉનહોલ ફ્રેન્ડ્સ ગ્રુપ તરફથી રજુ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમ માણીશું...

ત્યાર બાદ દર વર્ષની જેમ જ કલાકારો અને કસબીઓ માટે ‘મહાપ્રસાદ‘ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે...

તમામ કાર્યક્રમો માં આપને હ્રદયપૂર્વક નિમંત્રણ છે..

★આપ સૌને ખાસ વિનંતી, વ્યવસ્થા જળવાય તે હેતુથી આજે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં આપ મહાપ્રસાદ માં જોડાવાના હો તો આપનું નામ લખાવી ભોજન પાસ અચુક મેળવી લેશો સૌના સહકાર ની અપેક્ષા..★

૧, શક્ય ત્યાં સુધી કોઈપણ ક્ષેત્ર ના માત્ર કલાકારો, કસબીઓ, દાતાઓ ( રોકડ , અલ્પાહાર તથા અન્ય સેવાઓ આપનાર ) તથા આમંત્રિતો જ આ મહાપ્રસાદ નો લાભ લે તેવી અમારી લાગણી છે..

૨, આપ મહાપ્રસાદ નો લાભ લેવા ઈચ્છતા હો તો સાથેના કાર્ડ માં દર્શાવેલ કોઈપણ એક કમીટી મેમ્બર ને આપનું નામ રૂબરૂ અથવા વોટ્સએપ દ્વારા લખાવી ( આપના નામ સાથે ) અનુકૂળતા એ ભોજન પાસ અચુક મેળવી લેવા...

૩, આયોજન સમિતિ દ્વારા ગોઠવવામાં આવેલ વ્યવસ્થા માં આપનો સહકાર આપવા આગ્રહભરી વિનંતી છે..

રવિશંકર એક્ટિવ આર્ટિસ્ટ ગ્રૃપ

# ભેંસના શિંગડા ભેંસને ભાર,પરંતુ હરણના શિંગડા ભારે પડશે તેવું સ્વપ્ને વિચાર્યું નહીં હોય!!!

રાજુ રદી મેગ્નિફાઈંગ ગ્લાસ લઈને જેમ્સ બોન્ડ, શેરલોક હોમ્સ,કરમચંદ, વ્યોમકેશ બક્ષી જેવા જાનબાજ અને ચુનંદા જાસૂસની જેમ મારા ઘરમાં ગૈરકાયદેસર પ્રવેશ કરે છે. ( જો કે રોજ આવી રીતે મારા ઘરમાં પ્રવેશ કરે છે.)કાયદાની ભાષામાં અનઓથોરાઈઝડ ટ્રેસ પાસ કહેવાય.!!!મારા ઘરના ડ્રોઈંગ રૂમ ,બેડ રૂમ,ડાઈનિંગ રૂમ, બાથરૂમ, વોશરૂમમા સીબીઆઈ, ઈડી, ઈન્કમટેકસની જેમ ઘરનો ખૂણો ખૂણો ( ફિલ્મની ભાષામાં ચપ્પે ચપ્પા ) છાન મારે છે!!?

‘‘રાજુ, આ બધું શું છે??મારી મંજૂરી વિના તું ઘરમાં કેવી રીતે સર્ચ કરે છે??’’ હું રાજુ પર બરાબર અકળાયો .

‘‘ મિ. ગિરધરલાલ તમારા ઘરમાં મૃગશિંગ છે?? મને શકે છે!!’’ રાજુએ પોલીસ ઓફિસર જેવા રૂઆબથી પૂછયું .

‘‘ રાજુ મારા ઘરમાં મૃગશિંગની કયાં માંડે છે? મારા ઘરમાં ખારી શિંગ નથી!!’’ મેં રાજુને જવાબ આપ્યો.

‘‘ મિસ્ટર બી સિરિયસ!! મને ઉડાઉ જવાબ પસંદ નથી.’’ રાજુની કડકાઈ ચાલુ રહી.

‘‘ ગિરંધરભાઈ, હાથી દાંત એવું કાંઈ ??’’ રાજુએ પોઈન્ટેડ સવાલ પૂછ્યો.

‘‘ રાજુ મારે દાંતનું ચોકઠું-ડેન્ચર છે. ચોકઠું રાખવું વન અધિનિયમ કે પ્રોટેકટેડ એનિમલ એકટ હેઠળ ગુનો હોય તો મારી ધરપકડ કરવાની છૂટ છે!!’’ મેં રાજુને ગુસ્સામાં ચોપડાવ્યું.

‘‘ જુઓ ગિરધરભાઈ. આ સર્ચ છે. તમારી બખડજંતર ચેનલ કે તમારી ઊડઝૂડ કોલમ નથી. મનફાવે એવા જવાબ હું નહીં ચલાવું!!’’ આજે રાજુ ખરલ ચાટી ગયો હોય તેમ કૂદાકૂદ કરતો હતો!!

‘‘ તમારી પાસે વ્યાઘ્રચર્મ કે સિંહ ચર્મ એવું કાંઈ છે??’’ રાજુની ઉલટ તપાસ એકતા કપૂરની સાસુવહુ રોનાધોના જેવી દસ હજાર હપતામાં પ્રલંબ ચાલતી સિરિયલની જેમ અટકતી ન હતી.

‘‘રાજુ, ગરીબી , ફૂગાવો, બેકારી, મોંઘવારી , કમ્મરતોડ કરવેરાની લીધે અમારા ચામડા અર્થતંત્રની જેમ લબડી ગયા છે. ત્યાં વ્યાઘ્રચર્મનું કયાં પતર ખાંડે છે??’’ હું કૌશિકમુનિ કે પરશુરામની જેમ ક્રોધથી આગબબુલા થઈ ગયો.કૃષ્ણ ભગવાને કુરુક્ષેત્રમાં અર્જુનને વિકરાળ વિશ્વ સ્વરૂપના દર્શન કરાવ્યા હતા અને અર્જુન કિંકર્તવ્ય દિંગ્મૂઢ થઈ ગયો હતો તેમ રાજુ મારા રૌદ્ર રૂપથી હકકોબકકો રહી ગયો .

‘‘ ગિરધરભાઈ જૂના જમાનાના મહેલ, કોઠી, બંગલાના દિવાનખંડમાં રાવ બહાદુર કરેલા શિકારના પુરાવા તરીકે સિંહ , સસલા, વાઘનું મસાલા ભરેલ મસ્તક દિવાલ પર ચિપકાવવાની ફેશન હતી.’’ રાજુએ જુમા જમાનાની યાદ અપાવી.

‘‘ રાજુ રાજા, મહારાજા, નવાબો, ગિરાસદાર, સામંતો , ભાયાતો, ફટાયા કુંવરોને શિકારનો શોખ હતો. એને શિકાર કહેવાય જ નહીં. એ લોકો માંચડા પર ચડી થ્રી નોટ થ્રીથી શિકાર કરતા હતા. કોઈ જાતના શૌર્યનું દર્શન-પ્રદર્શન નહીં. મકર લોકો અવાજો કરીને વાઘ, સિંહ, હરણ , ચિંતા, દીપડાને મચાન તરફ ધકેલે . પેલ ઉપર બેઠા બેઠા બંદૂકડી ફોડીને પ્રાણીની હત્યા કરે. જેને શિકાર કહે. હકીકતમાં। ગ્રિસમાં આખલા સાથે બથથમબથ કરવી કે ચેન્નાઈમાં જલીકટુમાં જીવ સટોસટ અને જીવલેણ રમતમાં ખરી મર્દાનગી છે. એમ તો અવધના નવાબ કૂકડા લડાવતા હતા. એમાં કોઈ ચાર્મ ન હતો.ક્યારેક પોલિટિકલ એજન્ટ કે બ્રિટિશર કલેક્ટરને રાજી રાખવા શિકારનો પોગરામ કરતા હતા .જેમ આજે ખેડૂતો કોઈની વાડીએ ભેગા મળી તુવેરઠોંઠા કે ભજિયાંની પાર્ટી ગોઠવે છે !?’’ મેં રાજુને ગુજરા હુઆ જમાના યાદ કરાવ્યો !!

‘‘ ગિરધરભાઈ રજવાડી કોટ અને બ્રિચીજ પહેરેલા રાજા,,નવાબો વગેરે સિંહ , હરણના મસ્તક પર બુચ પહેરવી પગ ટેકવી હાથમાં જોટાળી રાખી બીજા હાથે મૂંછોને વળ ચડાવતા હોય તેવા ફોટા પડાવતા. તેના લાર્જ સાઈઝના ઓઈલ પેઈન્ટ દિવાલ પર ટાંગતા હતા!!’’ રાજુએ કહ્યું.

‘‘ રાજુ મારી પાસે ઘોડા-ગધેડા, સસલા-શિયાળના શિંગડા છે. વન ખાતું એને જપ્ત નહીં કરે ને?’’ મેં શંકા વ્યક્ત કરી.

‘‘ ગિરધરભાઈ ફેંકવાની હદ હોય! હદ બહાર ફેંકવાનો એક જ વ્યકિતને અધિકાર છે. હું અલિગઢથી નથી આવ્યો .!!!’’રાજુએ લમણું તૂટે તેવો ટોન્ટ માર્યો.

હમણા એક બનાવ બની ગયો.કોઈ એક ભાઈ ૧૯૭૫માં ગીરના જંગલમાંથી રોકડ અવેજ આપ્યા વિના નિર્દોષભાવે હરણના શિંગડા લઈ આવ્યા હતા . આનાથી વધુ કિંમતી વસ્તુઓ તંત્રની મીઠી નજર હેઠળ સગેવગે થતી રહે છે. પેલાએ હરણના શિંગડાની ટ્રોફી બનાવી ઘરમાં લટકાવેલી. કોઈ જાતના બનાવ વિના વર્ષો, દાયકા પસાર થઈ ગયા.કુંભકર્ણની જેમ ચિર ઘોર નિંદ્રામાં સૂતું વન તંત્ર એકાએક ઊંઘમાંથી જાગ્યું . ચરણ ચાંપી મૂંછ મરડી તંત્ર સફાળું જાગ્યું. માત્ર સુડતાળીસ વરસના ક્ષુલ્લક અને નગણ્ય વિલંબ બાદ વન તંત્રે એ શિંગડા જપ્ત કર્યા . પેલા માણસને વીસ હજાર દંડ કર્યો. જો કે તો પણ તંત્રનો આભાર માનવો રહે કે દંડનીય રકમ પર સાદુ વ્યાજ કે ચક્રવૃદ્ધિ વ્યાજ ન ફટકાર્યું નહીંતર બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી જેવો ઘાટ થાત. આમ તો કહેવાય છે કે ભેંસના શિંગડા ભેંસને ભારે. પરંતુ હરણના શિંગડા પેલા ભાઈને ભારે પડશે તેવું તેણે સ્વપ્ને વિચાર્યું નહીં હોય!!!

ભરત વૈષ્ણવ ૨૭.૯.૨૦૨૨.

## ડાંગ જિલ્લા પંચાયત ભવન આહવા ખાતે ખાસ સામાન્ય સભાની બેઠક યોજાઇ હતી



આજરોજ ડાંગ જિલ્લા પંચાયત, આહવાની ખાસ સામાન્ય સભાની બેઠક જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઇ અંતર્ગત જિલ્લા પંચાયતની જુદી જુદી કુલ ૮ સમિતિઓની રચના કરાઇ હતી. જેમા કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, સામાજિક અને ન્યાય સમિતિ, બાંધકામ સમિતિ, મહિલા અને બાળ વિકાસ સમિતિ, સિંચાઇ અને કૃષિ સહકાર સમિતિની રચના કરવામા આવી હતી. આ સમિતિઓ પોતાની વિભાગની મિટિંગ બોલાવી અધ્યક્ષની ચુંટણી કરશે.

જિલ્લા પંચાયત-આહવાની ખાસ સામાન્ય સભામા પ્રમુખ સ્થાનેથી ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણ માટે ઈસરોના વૈજ્ઞાનિકોની ટીમને વડાપ્રધાનશ્રીના અભિનંદનનો ઠરાવ રજુ કરવામા આવ્યો હતો. તેમજ મહિલાઓના પ્રતિનિધિત્વને અધિનિયમ દ્વારા મહિલાઓને પ્રોત્સાહન આપી પ્રતિનિધિ કરવા માટેનો ઠરાવ રજુ કરવામા આવ્યો હતો. સામાન્ય સભાની બેઠકમા નિવાસી અધિક કલેક્ટર તેમજ ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.બી.તબિયાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષી, જિલ્લા પંચાયત શાખાના તમામ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા પંચાયતના ચુંટાયેલા તમામ સદસ્યો હાજર રહ્યા હતા.

## વિસર્જન વખતે શ્રીજીની પ્રતિમાની કાળજી લેવી ખુબ જરૂરી છે

આ વખતે સુરતમાં નાની ગૌરી ગણપતિની પાંચ હજાર કરતા વધુ પ્રતિમાની સ્થાપના થઇ હતી રંગેચંગે હજારો નહી બલ્કે લાખો રૂપિયાના ખર્ચે નાની મોટી મળી ૭૦૦૦૦ હજાર કરતા વધારે પ્રતિમાઓની સ્થાપના થઇ છેહવે વિસર્જનના દિવસે ખુબ કાળજી રાખવાની છે.હમણાં શ્રીજીની સ્થાપના પછી ઠેકઠેકાણેથી શ્રીજીની પ્રતિમાઓ રસ્તા પર રખડતી મળી આવી છે પ્રતિમાઓ વેચનાર પ્રતિમાઓ વેચી રૂપિયા લઇ ઉપડી ગયા છે નહી વેચાયેલી એક બે નહી ૮૦ મૂર્તિઓ રસ્તા પરથી મળી આવી છે સુરતના કતારગામ અમરોલી વરાછા મીની હીરાબજાર સહરાદરવાજા ઉધના દરવાજા બોમ્બે માર્કેટ રોડ વિગેરે જગ્યાના ફૂટપાથ પરથી ૮૦ જેટલી મૂર્તિઓ મળી આવતા શહેરના લક્ષ્મી ડાયમંડ ગજેરા ટ્રસ્ટે કતારગામ લંકા વિજય હનુમાન ઓવારા નજીક કૃત્રિમ તળાવમાં આ પ્રતિમાઓ વિસર્જિત કરી હતી



શ્રીજીની પાંચ દિવસની ભક્તિ કર્યા પછી મનપા દ્વારા જે કુત્રિમ તળાવ બનાવવાના આવ્યા છે તેમાં વિવિધ કુત્રિમ તળાવમાં શ્રીજીની વિસર્જન કરવાનું હોય છે

મનપા દ્વારા આ વરસે ખાસ અપીલ કરવામાં આવી હતી કે કેનાલમાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં નહી આવે તેમ છતાં લોકો દ્વારા કેનાલમાં શ્રીજીની પ્રતિમા રઝળતી હાલતમાં નાખી દેતા લોકોની ધાર્મિક લાગણી દુભાય છે.પોલીસ અને કલેકટરની વચ્ચે સંકલન મિટિંગનો અભાવ હોવાને કારણે આ પ્રશ્નો ઉભા થવાની વાત ગણેશ ઉત્સવ સમિતિએ કરી છે આ સાથે સાથે ગણેશ ઉત્સવ સમિતિએ કેનાલમાં ગણેશ વિસર્જન કરનારા સામે પોલીસ કેસ કરવાની પણ માંગણી કરી છેકેનાલમા ગણેશ વિસર્જન કરેલી પ્રતિમા મળી આવ્યા બાદ ગણેશ ઉત્સવ સમિતિના પ્રમુખ અનિલ બિસ્કિટવાલા સ્થળ પર પહોંચ્યા હતા અને કહ્યું હતું કે જો પોલીસ અને કલેકટર તંત્ર બરાબર દ્વારા બરાબર કામગીરી કરવામાં આવે તો ગણેશજીની પ્રતિમાઓની આવી દુર્દશા થાય નહી તેમજ કેનાલ પર પોલીસ દ્વારા ખાસ બંદોબસ્ત ગોઠવવો જોઈએ એવી માંગ કરી છે.

આપણે ભક્તિ કરવી છે કે દેખાડો કરવો છે? આપણે ગણપતિના દર્શને જઈએ છીએ કે મોટા મોટા ભવ્ય અને આલીશાન મંડપો ડેકોરેશન અને ઝગારા મારતી લાઈટિંગ જોવા જઈએ છીએ આપણે દર્શન કરવા કરતા પ્રસાદમા વધુ રસ હોય છે આપણે મૂર્તિના દર્શન કરતા મૂર્તિની ઉંચાઈમાં વધુ રસ હોય છે વિસર્જન વખતે શ્રીજીને બદલે આપનું ધ્યાન ડી.જે.અને લોકો પર વધુ હોય છે ઘણી વખતે એવું કેમ લાગે છે કે ગણેશજીની પ્રતિમા કરતા ડી.જે.ને વધુ મહત્વ અપાઈ રહ્યુ છે

શ્રીજીની ૭૦૦૦૦ હજાર કરતા વધુ પ્રતિમાઓનું શાંતિથી વિધિવિધાન પૂર્વક વિસર્જન થાય એ ખુબ જ જરૂરી છે.

બોલો ગણપતિ બાપ્પા મોરિયા

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# આજે સખી મંડળની બહેનો ડ્રોન ટેકનીશીયન બનીને આજુ-બાજુના ગામડાના ખેતરોમાં આધુનિક ખેતી કરવાની દિશામાં કામ કરશે અને આજે સખી મંડળની બહેનો ગ્રામીણ અર્થવ્યવસ્થાને તાકાત આપી રહી છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી




**જો વિપક્ષ મહિલાઓના વિકાસ માટે સંવેદનશીલ હોત તો વર્ષો સુધી આ બીલ લટકાવી ન રાખ્યુ હોત.- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**૨ ઓક્ટોબર મહાત્મા ગાંધીની જન્મજયતી ઉજવતા પહેલા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ચલાવવા કોઇ પાછી પાની ન કરે અને તહેવારોમાં લોકલ ફોર વોકલ પર દેશની બનાવટ વસ્તુઓ ખરીદવા પર ભાર આપવો. - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**દેશની મહિલાઓને સશક્ત કરવાની પહેલ આઝાદીના અમૃતકાળમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

----

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની મહિલાઓને સશક્ત કરવા ઘણી યોજનાઓ જાહેર કરી છે તે બદલ પણ તેમનુ સન્માન થવું જોઇએ. - શ્રી સી.આર.પાટીલ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, નારી શક્તિ વંદન અધિનીયમ ૨૦૨૩ બીલ સંસદમાં બહુમત સાથે પસાર કરવા બદલ આજે વડોદરા ખાતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અભિવાદન કરતો "નારી શક્તિને વંદન મોદીજીને અભિનંદન" કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં પહોંચતા પહેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રોડ-શો થકી મહિલાઓનું અભિવાદન ઝીલી સભા સ્થળે પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થી મહિલાઓ દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે માતા-બહેનોને વંદન સાથે સંબોધન કરતા જણાવ્યું કે, મારા જીવનના ઘડતરમાં અનેક પરિબળોનું યોગદાન રહ્યુ છે તેમાં વડોદરાએ મને એક દિકરાની જેમ સાચવ્યો છે. એક મા જેમ તેના દિકરાને દુલાર આપે તેમ વડોદરાએ મને આપ્યો. નારી શક્તિ વંદન અધિનીયમ દ્વારા મારો એક પ્રયત્ન છે કે દેશની માતૃશક્તિનું રૂણ ઉતારુ. આ કાયદાથી ભવિષ્યમાં વિધાનસભા અને લોકસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવાનું પાકુ થઇ ગયું છે અને આ મહત્વપુર્ણ નિર્ણય માટે શુભકામના પાઠવું છું. વડોદરા વાસીઓ સાથે એટલો બધો સમય પસાર કર્યો છે કે યાદોનો ભંડાર ભરેલો છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, નારી સશક્તિકરણ માટે દેશમાં જે પ્રયાસ થયા છે તેમાં વડોદરાને એક સિમાચિન્હ રૂપ ગણવામાં આવે છે. વડોદરા એ જગ્યા છે કે જ્યા ગાયકવાડ સરકારના સમયે દિકરીઓને અભ્યાસ એ ફરજીયાત અને નિ:શુલ્ક હતો તેમજ જો કોઇ મા-બાપ દિકરીને ન ભણાવે તો તેને દંડ કરવામાં આવતો. દેશ અને દુનિયામા આજે ગુજરાતના વિકાસ મોડલની ચર્ચા થાય છે. ગુજરાતના વિકાસ મોડલની સૌથી મોટી તાકાત માતા-બહેનો છે. ગુજરાતે સફળતાના નવા આયામ પાર કરવાનું કામ ગુજરાત વુમન લેડ ડેવલોપમેન્ટની આધારશીલાને કારણે છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ૨૦ વર્ષ પહેલા મહિલાઓનો સાક્ષરતા દર ખૂબ નીચો હતો, મોટી સંખ્યામાં દિકરીઓ દાખલ તો થાય પણ અધવચ્ચે શાળા છોડી દેતી. ખૂબ જ ઓછી સંખ્યામાં હોસ્પિટલમાં માતાઓની પ્રસુતિ થતી.ગુજરાતમાં સ્ત્રી-પુરુષનો રેસિયો પણ ચિંતાજનક હતો. ભાજપે મહિલાઓને કેન્દ્રમાં રાખી વિકાસની નીતી બનાવી અને સેવાભાવથી કામ કર્યુ અને આજે ગુજરાતના ખૂણે ખૂણે તેના કામ જોવા મળે છે. ગુજરાતમાં વુમન લેડ ડેવલોપમેન્ટની સફળતા આજે વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરી રહ્યુ છે. દેશમાં આજે ૯ કરોડ બહેનો સખી મંડળો જોડાયેલી છે. આજે સખી મંડળો ખેતીમાં ડ્રોન થી કેવી રીતે કામ કરી શકાય તેની માહિતી આપી રહી છે. સખી મંડળની બહેનો ગ્રામીણ અર્થવ્યવસ્થાને તાકાત આપી રહી છે. કોરોનામાં ૮૦ કરોડ લોકોને છેલ્લા ૩ વર્ષથી મફતમાં અનાજ પહોંચાડી ગરીબના ઘરનો ચુલો સળગતો રાખ્યો છે. આજે ભારતની મહિલાઓ આત્મવિશ્વાસ અને ઉર્જાવાન અને સશક્ત છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, નારી શક્તિ વંદન અધિનીયમ બિલ પસાર થવામાં મહિલાઓની શક્તિ કામ લાગી નહીતર આ વિપક્ષે તો ત્રણ ત્રણ દાયકા સુધી અટકાવા તમામ ખેલો કર્યા છે, કેવા કેવા બહાના કાઠયા હતા. વિપક્ષ પાર્ટીઓ મહિલાઓના અધિકારીઓને છીનવા મેચ ફિક્સિંગનો ખેલ રમતા હતા. વિપક્ષે નારી શક્તિમાં ભાગલા પાડવાનું મોટુ ષડયંત્ર ચાલુ કર્યુ છે આ ઇન્ડિયા નહી ઘમંડિયા ગંઠબંધન છે. વિપક્ષ મહિલાઓની શક્તિને ધર્મ કે જાતિના આધારે તોડવાનો પ્રયત્ન કરે છે. જો વિપક્ષ મહિલાઓના વિકાસ માટે સંવેદનશીલ હોત તો વર્ષો સુધી આ બીલ લટકાવી ન રાખ્યુ હોત. વિપક્ષે નારી શક્તિ બિલને સમર્થન મન થી નથી કર્યુ ક-મને કર્યુ છે આવા લોકોથી માતા બહેનો ચેતેજો. ૨ ઓક્ટોબર મહાત્મા ગાંધીની જન્મજયતી ઉજવતા પહેલા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ચલાવવા કોઇ પાછી પાની ન કરે અને તહેવારોમાં લોકલ ફોર વોકલ પર દેશની બનાવટ વસ્તુઓ ખરીદવા પર ભાર આપવા આગ્રહ કર્યો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, દેશની મહિલાઓને સશક્ત કરવાની પહેલ આઝાદીના અમૃતકાળમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. મહિલા અનામત કાયદો એ દેશનું ભાગ્ય બદલવામાં મહત્વની ભૂમિકા નિભાવશે તેવો વિશ્વાસ છે. દેશના લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે ભારતીય જનતા પાર્ટી કટીબદ્ધ છે. દેશમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધતી જોવા મળે છે. દેશની નારી શક્તિને વધુ સશક્ત બનાવવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, વર્ષો સુધી દબાયેલી કચડાયેલી બહેનોને ન્યાય આપવા, અધિકાર આપવાનું બીડુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઝડપ્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવી સંસદમાં ઐતિહાસીક મહિલા અનામત બિલ

રજૂ કર્યુ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં ૩૩ ટકા અનામત સાથે મહિલાઓને સશક્તક કરવા અનેક યોજનાઓ બનાવી છે તેમના માટે પણ તેમનું સન્માન થવું જોઇએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનહિત માટે બનાવેલ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પણ ચિંતા કરી છે અને મહિલા અનામત બિલ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની અભિનંદન સાથે વંદન.

## ડાંગ સ્વરાજ આશ્રમ-આહવા ખાતે નવરાત્રીમા દેવીકથાનુ આયોજન



દંડકારણ્યની ભુમી આહવાના આંગણે ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે આગામી તા. ૧૦ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર ૨૦૨૩ દરમ્યાન 'દેવી ભાગવત કથા'નુ આયોજન કરવામા આવનાર છે.જે બાબતે તાજેતરમાં કથાકાર શ્રી પ્રફુલ શુક્લની હાજરીમા બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં ડો. હેંમતભાઇ પટેલ, શ્રી દેવાશું દેસાઇ, ડાંગ સ્વરાજ આશ્રમના ટ્રસ્ટી શ્રી વનરાજ નાયક, બાપા સિતારામ પરીવારના શ્રીમતી ભારતીબેન ગાયકવાડ, શ્રી ગૌરવકુમાર કટારે, શ્રીમતી રમીલાબેન રાઠોડ, શ્રીમતી રેખાબેન ચૌધરી વિગેરે સેવાકર્મીઓએ હાજર રહીને કથાના આયોજન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

## ડાંગ તાલુકા પંચાયતના નવ નિયુક્ત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી દ્વારા સરાહનીય કામગીરી કરતા લોકોમાં ખુશી નો માહોલ સર્જવામાં સફળ

ન્યૂઝ ઓફ ગાંધીનગર , અહેવાલ ડાંગ અજય

સુરેશભાઈ ચૌધરી દ્વારા જેવા ચૂંટાઈ આવ્યા ના પહેલા જ દિવસથી લોકોના કામો કરવામાં આવતા લોકોમાં થોડી ચિંતા થવા લાગી છે કે આવ્યા ના તાત્કાલિક કામ કરવા લાગી ગયા છે કેટલું સુંદર કામ તેઓ દવારા લોકોમાં આવ્યું છે. રીતે લોકોના અને કરવામાં લોકોને કોઈ ના પડે એવું આવે એવું કુતુહલ ફેલાયું



કરવામાં આવી જ કામો થાય આવે મુશ્કેલીઓ કરવામા લોકોમાં છે કે આવા પદાધિકારીઓ આવે અને લોકોના કામો કરે જેથી લોકોમાં નામના થાય અને લોકોની મુશ્કેલીઓ નિવારવામાં મદદરૂપ થાય એવું લોકોમાં ચર્ચા થઈ રહી છે આવા પદાધિકારીઓની ડાંગ મા જરૂર છે એવું લોકમુખે ચર્ચા નો વિષય થયો છે ડાંગ મા ચીંચલી ગામે જે તાત્કાલિક આવતા ની સાથે કામો કરવામાં આવ્યા તે પણ એક લોકોમાં એક ચર્ચા નો વિષય થયો છે ડાંગમાં રોડ પાણી અને વીજળી ની જે સમસ્યાઓ છે તે આવી રીતે ઉકેલવામાં આવશે એવું હવે લોકોમાં લાગી રહ્યું છે આવી જ રીતે સુરેશ ભાઈ ચૌધરી દ્વારા ઉઘરાણી કરવામાં આવે (કામો ની) અને લોકોના કામો થશે એવી આશા સાથે લોકોમાં ચર્ચા નો વિષય થયો છે આવા પદાધિકારીઓ ડાંગ મા જરૂર છે



વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ૨૦ વર્ષની ઉજવણી સમારોહ અવસરે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ વૈશ્વિક સ્ટીલ ઉત્પાદક આર્સેલર મિત્તલ ગ્રૂપના ચેરમેન લક્ષ્મી મિતલ સાથે સાયન્સ સિટી, અમદાવાદ ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારની ઉપલબ્ધિઓ તેમજ ઉદ્યોગ સંબંધિત વિવિધ વિષયો અંગે ચર્ચા કરી હતી.




**નવસારીમાં મારુતિ નગર મરાઠી શાળામાં સનાતન સંસ્થા દ્વારા નાસ્તા વિતરણ કરાયું. વિદ્યાર્થીઓ એ તેનો આનંદ થી લાભ લીધો. શાળાનાં પ્રચાર્ય શ્રી. લલિત નિકમજીએ સનાતન સંસ્થાના આભાર વ્યક્ત કર્યા.**



બલ્લારત હિંદુ મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રના સૌજન્યથી ૨૨મી સપ્ટેમ્બરથી ૨૪મી સપ્ટેમ્બર સુધી ઓસ્ટ્રેલિયાના બલ્લારત ખાતે આવેલી બલ્લારત હાઈસ્કૂલમાં ગણેશ મહોત્સવની ખૂબ જ ધામધૂમ અને ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ભારતથી પધારેલા ચૌધરી ગજેન્દ્રસિંહ દહિયાએ હાજરી આપી હતી. તેમના મોટા પુત્ર પુલકિત દહિયાને મળવાની તક મળી.અને મોટા ભાઈ શ્રી વિજૈન સાથે ગણેશ મહોત્સવમાં જવા માટે.ગીતા સુનિલ/ડોક્ટર પ્રદુષ/ગોવન અને ડૉ. સચિન દહિયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફટાકડાના વિડિયો અને ગણેશ મહોત્સવમાં દાંડિયા રમવાના વિડિયો સાથે ઝાંખીના કેટલાક ફોટોગ્રાફ્સ/વિડિયો તમારા બધા માટે. બલ્લારત હિંદુ મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રના સૌજન્યથી ૨૨મી સપ્ટેમ્બરથી ૨૪મી સપ્ટેમ્બર સુધી ઓસ્ટ્રેલિયાના બલ્લારતની બલ્લારત હાઈસ્કૂલમાં ગણેશ મહોત્સવની ખૂબ જ ધામધૂમ અને ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારતથી આવેલા ચૌધરી ગજેન્દ્રસિંહ દહિયાને તેમના મોટા પુત્ર પુલકિત દહિયાને મળવાનો અવસર મળ્યો હતો. અને સાથે મોટા ભાઈ શ્રી. વિજયન ગણેશ મહોત્સવમાં જશે. ગીતા સુનિલ/ડૉક્ટર પ્રદુષ/ગોવન અને ડૉ. આ પ્રસંગે સચિન દહિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## વિધાન સભા ચૂંટણી પહેલા ગુજરાત ભાજપ દ્વારા ટોપી નો કન્સેપ્ટ લાવવામાં આવ્યો હતો

ગઈકાલ તારીખ ૨૬ ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ નારી શક્તિ વંદન સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલજી એ નવીન ડિઝાઇનનો ખેસ ધારણ કરાવ્યો. આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને મોટી સંખ્યામાં નારી શક્તિ ગુજરાતની મહિલાઓ ઉપસ્થિત હતી. એક તરફ વડાપ્રધાન શ્રી ની તસ્વીર અને બીજી તરફ કમળ ના




નિશાન વાળા આ ખેસની ખાસિયત એ છે જેના પર ની તસ્વીર ,લખાણ કે વડાપ્રધાન શ્રી નો ફોટો પ્રિન્ટ કરેલો નથી પણ આ સંપૂર્ણપણે વિવિગ કરેલો ખેસ છે

કાર્યકર્તાઓને સતત પ્રેરણા આપતો ભારતીય જનતા પાર્ટીનો નવો ખેસ...માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ અમદાવાદ ખાતે નવો ખેસ ભાજપાના કાર્યકર્તાઓને અર્પણ કર્યો. આ અવસરે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલે માનનીય પ્રધાનમંત્રીશ્રીને નવી ખેસ પહેરાવી અભિવાદન કર્યુ

## આહવાની સરકારી માધ્યમિક શાળા ખાતે તમાકુ મુક્ત ભવિષ્ય માટે શાળા પરિવાર દ્વારા સ્વરક્ષણની પ્રતિજ્ઞા લેવાઇ



**ડાંગ જિલ્લાની આહવા સ્થિત સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે તાજેતરમાં 'તમાકુ મુક્ત ભવિષ્ય' માટે શાળાના તમામ શિક્ષકો દ્વારા પ્રતિજ્ઞા લેવામા આવી હતી.વ્યસન મુક્ત શૈક્ષણિક સંસ્થા બનવા માટે શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામા કોઈપણ પ્રકારની તમાકુ કે તમાકુ બનાવટનુ વેચાણ કરવુ કાનુની ગુનો બને છે. તે અંગેના કાયદાની જાણ કરતા, જવાબદાર અધિકારીઓના નામ, નંબર સાથે દિશા સૂચક બોર્ડ શાળાના ગેટ પાસે લગાવવામા આવ્યા હતા. શાળાના વિદ્યાર્થી, શિક્ષકો પોતે અને પોતાનો પરિવાર તેમજ પોતાના ગામમા પણ વ્યસન મુક્તિ અભિયાનમા જોડાય તે અંગે શાળાના આચાર્ય શ્રી અમરસિંહ ગાગુર્ડે તેમજ શિક્ષકો દ્વારા વિધ્યાર્થીઓને માગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ.**

આ આપણો ઉત્સવ છે, સૌ કલાકારો અને કસબીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તે ખુબ જરૂરી છે..આપ સૌને દિલથી નિમંત્રણ છે...આજથી શરૂ કરીને આગામી તારીખ ૨૮ સપ્ટેમ્બર સુધી આ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.દરરોજ સાંજે ૭:૩૦ વાગે આરતીદરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને અલ્પાહાર નું પણ સૌના સહકાર થી આયોજન કરવામાં આવ્યું છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.